ગાંધીનગર સમાચાર

**સ્ટ્રીટલાઇટ બંધ હોવાથી રહિશો ત્રાહિમામ**

## @ગાંધીનગર

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.
- શ્રી રામધામ વાવોલ ખાતે પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં દ્વાદશ જ્યોર્તિલીંગ કથા યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ઉમેશભાઈ ઓઝાના નિવાસસ્થાન ૯૨૮/૨, સે. ૪-ડી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવમહિમ્નના પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે જશોદાબા જાનીના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૦, વિરાટનગર ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતીવંદના કરવામાં આવશે.

# ગાંધીનગર ખાતે નેશનલ સ્પોર્ટસ-ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

હોકી રમતના જાદુગર સ્વર્ગસ્થ મેજર ધ્યાનચંદજીના જન્મદિવસને સમગ્ર રાષ્ટ્રમાં નેશનલ સ્પોર્ટસ ડે તરીકે ઉજવવામાં આવે છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત (સેગ) અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાઇ) સંયુકત ઉપક્રમે આજે ગાંધીનગર ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના વરદ હસ્તે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય કક્ષાની સ્કુલ સ્પોર્ટસ લીગ-કબડ્ડી (ભાઈઓ) ફુટબોલ (ભાઈઓ) ખો-ખો (ભાઈઓ અને બહેનો) વોલીબોલ, (ભાઈઓ અને બહેનો) અને બાસ્કેટબોલ (ભાઈઓ અને બહેનો) રમતોની લીગ મેચ સ્પર્ધાઓ યોજાઈ હતી.



વિવિધ રમતોની સ્પર્ધાઓના આયોજનમાં રાજ્યના ૧૦૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભૂતપૂર્વ ભારતીય હોકી ટીમના કેપ્ટન પદ્મ ધનરાજ પિલ્લાઈ, માના પટેલ (સ્વીમીંગ) અને અન્ય સ્ટાર ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત જિલ્લાના સેન્ટર ઓફ એકસેલેન્સના ખેલાડીઓનું સન્માન અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષથી ખેલમહાકુંભની સાથોસાથ સ્પોર્ટસ કવીઝ સ્પર્ધાનું આયોજન કરાયું, જેનું લોનચિંગ પણ કરાયું હતું. જેમાં ઓનલાઇન કોમ્પીટીશનમાંથી શાળા/કોલેજ કક્ષાના વિજેતા ખેલાડીઓને તાલુકા કક્ષાએ અને ત્યારબાદ વિજેતા ખેલાડીઓ જિલ્લાકક્ષાએ ભાગ લીધો હતો અને વિજેતા ખેલાડીઓની રાજ્યકક્ષાની સ્પર્ધા ખેલમહાકુંભ-૨૦૧૬ના પૂર્ણાહૂતી સમારંભ સમયે યોજવામાં આવશે તેમ સ્પેર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

આ પ્રસગે રમતગમત યુવા સાંસ્કૃતિક કમિશનર મનોજ દક્ષિણી, સ્પેર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડી.વી. મદિવ પ્રધાન, જેડી. કાપડિયા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

- મહાત્મા મંદિર ખાતે યોજાયેલ 'સિનેમેટિક ટુરિઝમ' સેમિનારમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગના સુપ્રસિદ્ધ નિર્માતાઓ તથા દિગ્દર્શકો ઉમટી પડ્યા હતા. બપોરના સેશનમાં જાણીતા દિગ્દર્શક સતીષ કૌશિકે પીવીઆર મલ્ટિ પ્લેક્સના માલિક સામે મલ્ટિપ્લેક્સ થીએટરોમાં 'એક્ટર' મુજબ ફિલ્મોને ટાઈમ સ્લોટ અપાતા હોવાનો બળાપો કાઢતો સવાલ કર્યો હતો. જેને દર્શકોએ તાળીઓ તથા સીટીઓથી વધાવી લીધો હતો.
- સિનેમેટિક ટુરિઝમમાં સતિષ કૌશિકે આગવા લહેકામાં નરેન્દ્ર મોદીના નામ સાથે ગુજરાતમાં સારા રોડ હોવાનો ઉલ્લેખ કરતા હોલમાં પ્રેક્ષકોએ હર્ષની ચિચિયારીઓ પાડી હતી. મોટાભાગના ફિલ્મ સર્જકોએ ગુજરાતમાં પ્રતિભા તથા લોકેસન્સ ભરપુર હોવાની વાત સ્વીકારી હતી.
- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ સંકુલ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણીમાં પ્રો-કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ અનુપકુમાર, મોહિત ચિલ્લર, સંદીપ નરવાલ, રાજેશ મંડલ સહિત અન્ય ખેલાડીઓને જોવા પડાપડી થઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત ભારતના લીવિન્ગ લિજેન્ડ પૂર્વ હોકી કપ્તાન ધનરાજ પિલ્લાઈ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.
- ગ-માર્ગ પર સે. ૧૨/૧૩ની ચોકડી પાસે એક કારની ગાયના વાછરડા સાથે ટક્કર થવા પામી હતી. કારની ટક્કરથી વાછરડાને ગંભીર ઈજાઓ થતા ટોળુ એકઠુ થઈ ગયુ હતુ.

# ગાંધીનગરના આંગણે ફિલ્મ નિર્માતાઓએ આકર્ષણ જમાવ્યું







ગાંધીનગર, તા. ૨૯

સિનેમેટીક ટુરિઝમ ક્ષેત્રે ગુજરાતે એક ડગલું આગળ વધીને દેશમાં સૌપ્રથમ વખત સિનેમેટીક ટુરિઝમ ધ-વે ફોરવર્ડ વિષયક એક દિવસીય સેમીનારનું ગાંધીનગર ખાતે આયોજન કર્યુ હતું, જેમાં ફિલ્મ જગતના અભિનેતા તથા વિવિધ ફિલ્મ નિર્માતાઓ-નિર્દેશકોએ ઉપસથિત રહી ખાસ આકર્ષણ જમાવ્યું હતું. આ ક્ષેત્રના વિકાસ માટે ૨૦થી વધુ વિકાસકામો માટે એમ.ઓ.યુ. પણ થયા હતા.

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા આ સેમીનારમાં હિન્દી ફિલ્મ અભિનેતા સુનિલ શેટ્ટી, પરેશ રાવલ, મનોજ જોષી, ડિનો મારીયા, ગુજરાતી ચલચિત્રના અભિનેતા નરેશ કનોડીયા, હિતુ કનોડીયા સહિત ફિલ્મ નિર્માતા-નિર્દેશકો સર્વ અબ્બાસ અને મસ્તાનભાઈ, અભિષેક જૈન, તિગ્માન્શુ ધુલિયા, મધુર ભંડારકર, સુધીર મિશ્રા, અસીત મોદી, કમલ ગ્યાનચંદાની, વિપુલ શાહ, કેતન મહેતા, અશોક પંડિત, મિહિર ભુતા, જે.ડી.મજેઠિયા, ઈન્દ્રકુમાર ખાસ ઉપસથિત રહ્યા હતા. જેઓએ લોકોમાં અનેરૂ આકર્ષણ જગાવ્યું હતું.

આ સેમીનારમાં ૨૦થી વધુ આ ક્ષેત્રના વિકાસકામો માટે એમ.ઓ.યુ. થયા હતા. જેમાં થીમપર્ક, એમ્યુઝમેન્ટ પાર્ક, વિવિધ સ્થળો હોટલ નિર્માણ પ્રોજેકટ, પાવાગઢ રોપ-વે પ્રોજેક્ટ, પોળો-ટુરિઝમ સાબરકાંઠા પોસ્ટ પ્રોડકશન સ્ટુડિયો, મીનીએચર પ્રોજેકટ અડાલજ, વોટર પાર્ક પ્રોજેકટ, તરતી હોટલ જેવા ક્ષેત્રોના વિકાસ માટે રાજ્યમાં વિવિધ તકોનું નિર્માણ થશે. જેનાથી રાજ્યમાં ફિલ્મ નિર્માણ અને પ્રવાસન પ્રવૃત્તિઓ.ને વેગ મળશે અને રોજગારીની તકોમાં પણ વધારો થશે.

# જયપ્રકાશ વિદ્યાલયના મયંક શાહ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે ઝળક્યા

### ગાંધીનગર ક્યુડીસી તથા એસવીએસ કક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૨૯

આર. જી. કન્યા વિદ્યાલય ખાતે ગાંધીનગર ક્યુ ડી સી કક્ષાની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જયપ્રકાશ વિદ્યાલયના ધોરણ-૧૦ના વિદ્યાર્થી શાહ મયંક ગિરીશભાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ છે. તા. ૨૯મી એ યોજાયેલ એસ. વી. એસ. કક્ષાની ચિત્ર સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શિક્ષણ સચિનભાઈ પટેલે માર્ગદર્શન પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. શાળાની પ્રમુખ શ્રીમતી દક્ષાબેન સુથારે અભિનંદન પાઠવ્યા હતા.

# થાનગઢ હત્યાકાંડ પીડિતોના ભોગે સોદાબાજીથી આક્રોશ

### લડત ચાલુ રાખવા માટે બહુમત સભ્યોની લાગણી

ગાંધીનગર, તા. ૨૯

થાનગડ હત્યાકાંડ પીડિત વાલજીભાઈ બેચરભાઈ રાઠોડે જણાવેલ છે કે પીડિતોની ન્યાય માગણીઓ સંદર્ભ સરકાર દ્વારા જે કાર્યવાહી થઈ તે બાબતે તેમને કંઈ લાગતું વળગતું નથી તેવા તકવાદી તત્ત્વો સમાજમાં ખોટી માહિતી વહેતી કરે છે. સરકાર સાથે સોદાબાજીઓ કરી રહ્યા છે. જેથી સમાજમાં ઉગ્ર આક્રોશ ભભુક્યો છે. સરકાર તરફી પરિબળોએ સરકારી શરતો સ્વીકારી લેવા પીડિતો ઉપર દબાણ કરેલ છે. માનસિક ત્રાસ આપી ચર્ચા કરવાની ફરજ પાડવામાં આવી હતી. બબ્બે વખત ચર્ચાઓ થઈ પરંતુ સરકારે જે શરતો ગ્રાહ્ય આખી હતી તે અનુસાર લેખિત પત્ર નહિ આપી વિશ્વાસભંગ કર્યો છે.

દલિત હિતચિંતકોએ પીડિતોના નિભાવ અર્થે ૩૪ હજારની આર્થિક મદદ ભેગી કરેલ હતી જેનો કોઈ હિસાબ આપવામાં આવતો નથી. થાનગઢના ત્રણ શહિદોની ન્યાયી માંગણી અંગે લડત ચાલુ રાખવામાં આવશે તેવી બહુમતી સભ્યોની લાગણી છે.

# દિવ્ય જીવન સંઘ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા ગાયત્રી શક્તિપીઠ દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. ૧ લી સપ્ટેમ્બર થી તા. ૧૦મી સપ્ટેમ્બર સુધી ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ ખાથે સવારે ૭ થી આટ વાગ્યા દરમિયાન યોગ ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે, યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, શારીરિક માનસિક આરોગ્યનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

# વોર્ડ નં. ૮માં વૃક્ષારોપણમાં લીમડાઓનું આરોપણ કરાયું

ગાંધીનગર, તા. ૨૯

વોર્ડ નં. ૮ના સેકટર-૨/સીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં પર્યાવરણ બચાવો અભિયાન સાથે લીમડાઓનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

લીમડાનું વૃક્ષ જીવન જરૂરિયાત, રોગપ્રતિકાર છે.

વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન વિ. મેણાત, પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર, વોર્ડ પ્રમુખ રાજુભાઈ, મુકેશભાઈ મારુ, અનિલ ચાવડા, સવિતાબા, ભાવનાબેન, મહિર, અજીતભાઈ તથા મહામંત્રી રાકેશભાઈ જાની, નગરસેવક ઉર્મિલાબેન વર્મા, સી.એમ. વર્મા, વિજયભાઈ હડીયોલ ઉપસ્થિત રહ્યા હતા.

# જય અંબે પરિવારના અગ્રણી રસિકભાઈનું દુખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૯

જય અંબે પરિવારના અગ્રણી રસિકભાઈ પી. પટેલનું દુ:ખદ અવસાન થતાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સેકટર-૪/સી વસાહત મંડળમાં પણ સક્રિય કાર્યકર એવા રસિકભાઈ પટેલને છેલ્લા બે મહિનાને હૃદય સંબંધી નાની-મોટી પીડાઓ રહેતી હતી.



આજે તેમનો અગ્નિસંસ્કાર તેના વતન બંગલા લક્ષ્મુપરા ગામે કરાયો હતો. આ સમયે જય અંબે પરિવારના સભ્યો, શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વાવોલ-પુન્દ્રાસણ રોડ પરથી ચોરીના બાઈક સાથે કલોલનો શખ્સ પકડાયો

### બાઈક નંબર બોગસ જણાતા એન્જીન નંબર આધારે તપાસ કરી તો કલોલમાંથી ૨૦૦૮માં ચોરાયેલું બાઈક હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા. ૨૯

શહેર નજીક વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર સેક્ટર-૭ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમના શૈતાનસિંહ, રાજેન્દ્રસિંહ, સુરપાલસિંહ સહીતના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક શંકાસ્પદ બાઈકચાલકને ઉભો રાખી તેની પુછતાછ કરી હતી. બાઈકના કાગળ તેની પાસે ન હતા. બાઈક નંબરની તપાસ સોફ્ટવેર મારફતે કરી તો એરર આવી હતી. જેથી શંકા પ્રબળ થતા પેશન પ્લસ બાઈકના એન્જીન નંબર આધારે તપાસ કરતા બાઈકમાં લગાડેલા નંબરથી જુદો જ નંબર જાણવા મળ્યો હતો અને બાઈક માલીકનું નામ કલોલ આકાર એપાર્ટમેન્ટમાં રહેતા પ્રેરકકુમાર પટેલનું જાણવા મળ્યુ હતુ. તપાસ કરતા આ બાઈક વર્ષ-૨૦૦૮માં ચોરી થયુ હોવાનું જાણવા મળ્યું હતું. ચોરીના બાઈક સાથે કલોલ રબારીવાસમાં રહેતા જીવરાજ સાગર રબારીને પકડી તેની પુછતાછ કરતા દશેક દિવસ પહેલા તેણે તેના મામા ગમન નથા રબારી (બોરીસણા) પાસેથી ફેરવવા માટે લીધુ હોવાનું જણાવ્યુ છે. આરોપીની ચોરીના બાઈક સાથે ધરપકડ કરી કલોલ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

# યુવા અનસ્ટોપેબલનું ઉમદા કાર્ય વિશિષ્ટો સાથે જન્માષ્ટમી ઉજવી



યુવા અનસ્ટોપેબલ સંસ્થાના સભ્યોએ માનસિક વિશિષ્ટ બાળકોની શાળા માનવ સ્મૃતિના વિદ્યાર્થીઓ સાથે મળીને જન્માષ્ટમીની ઉજવણી કરી હતી. કૃષ્ણનાં ગીતો, રાસ અને મટકીફોડ જેવા ઉપક્રમો યોજીને આ અબુધ બાળકોના ચહેરા પર યુવાનો સ્મિત આણી લાવ્યા હતા.

# ચૂંટણી કાર્ડ પરથી ગેરકાયદે સ્માર્ટકાર્ડ બનાવી આપતા બે શખ્સો ઝડપાયા

### ચૂંટણીપંચનો ડેટા ગેરકાયદેસર રીતે સોફ્ટવેર મારફતે ડાઉનલોડ કરીને બે ભાઈઓ સાંતેજમાં ઈલેકશન સ્માર્ટ કાર્ડ નીકાળી આપી રૂપિયા ખંખેરતા હતા

ગાંધીનગર, તા. ૨૯

કલોલ તાલુકાના સાંતેજ ગામમાં બે શખ્સો લેપટોપ લઈને આવીને ઈલેકશન કાર્ડ પરથી ગ્રામજનોને રૂ. ૬૦ લઈને સ્માર્ટકાર્ડ નીકાળી આપતા હોવાની માહિતી મળતા કલોલ મામલતદારે ચેકીંગ કર્યુંહતું. તપાસ કરતા સરકારની કોઈ જ પરવાનગી વગર બે શખ્સો લેપટોપમાં એપીક કાર્ડ નામનુ સોફ્ટવેર ડાઉનલોડ કરી સોફ્ટવેર દ્વારા ચૂંટણી પંચનો ડેટા ગેરકાયદેસર રીતે ઉઠાવી લઈ ગ્રામજનોને રૂ. ૬૦માં ચૂંટણીપંચનું સ્માર્ટ કાર્ડ નિકાળી આપતા હોવાનું ખુલ્યુ હતુ. સાંતેજ ગામની આંગણવાડીમાં જ અમદાવાદ ગોતા હાઉસીંગ વિસ્તારના બે ભાઈઓ રૂપેશ રવિન્દ્રકુમાર જૈન અને દીપક રવિન્દ્રકુમાર જૈન સ્માર્ટકાર્ડની દુકાન ખોલીને બેસી ગયા હતા. બંને ચીટરને પકડીને પોલીસ ફરીયાદ આપવામાં આવતા સાંતેજ પોલીસે બંને સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સૅક્ટર-૪ ખાતે કાર્યરત સ્માર્ટ કિડ્સ પ્રિ સ્કૂલનાં બાળકોએ જન્માષ્ટમીની ઉજવણી અનન્ય ઉત્સાહ સાથે કરી હતી. રાસ-ગરબા, કૃષ્ણનાં ગીતો અને મટકીફોડ જેવા કાર્યક્રમો પછી ઉત્સાહભર્યા ચહેરે બાળકોએ સમૂહમાં તસવીર માટે આ 'પોઝ' આપ્યો હતો.

# ઝુલાસણમાં ચાલતા જુગારધામ પર આર આર સેલનો દરોડો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સ્કવોર્ડ આર.આર.સેલના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ બાતમીને આધારે મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં સ્થિત ઝુલાસણ ગામની સીમમાં ઓ.એન.જી.સી. તેલકુવા નજીક ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. કુવા નં. ૯ નજીક કેશાજી ચતુરજી ઠાકોરના રહેણાંક છાપરાની બાજુમાં ખુલ્લી ઓરડીમાં દરોડો પાડી ૧૦ શકુનીઓને દબોચી લેવામાં આવ્યા છે. ઝુલાસણના વનરાજ કેશા ઠાકોર, વિનોદ શાંતિ ઠાકોર, રમેશ નાગર ઠાકોર, શ્રવણ બેચર ઠાકોર, ઈશ્વર ચતુર ઠાકોર, શકીલ ઈકબાલ મનસુરી, પ્રવિણ અનુપ ઠાકોર, જયંત દિનેશ પટેલ, અરવિંદ બાબુ ઠાકોર અને અરવિંદ અનુપ ઠાકોર મળી દસ શખ્સોની રૂ. ૭૩,૩૩૦ રોકડ તથા ૧૦ મોબાઈલ મળી કુલ રૂ. ૯૩,૩૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ જુગારધામમાં સ્થાનિક પોલીસની સાંઠગાઠ છે કે કેમ ? તે સહિતની ઈન્કવાયરી કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. રાયચંદજી મંજીજી ઠાકોર, ઉ.વ૭૦
- સ્વ. ચંચળબેન ભિખાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૨
- સ્વ.સુવાબેન પંછીભાઈ વણઝારા, ઉ.વ.૪૦
- સ્વ. દયાલશરણ સિન્હા સ્વામી, ઉ.વ.૬૯

## અવસાન નોંધ

સ્વ. કુંજબાળાબેન મનહરભાઈ ત્રિપાઠીનું ગત તા. ૨૮મી ઑગસ્ટના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓના નિવાસ સ્થાન સાનિધ્ય ફલેટ, ૧૦૩, રૂડા ઑફિસ સામે, શ્રોફ રોડ, રાજકોટ ખાતેથી તા. ૩૦ ઑગસ્ટના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અંતિમયાત્રા નિકળશે.